# સંશોધન નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

વંચાણે : અત્રેની કચેરીની તા. ૨૦/૦૭/૨૦૧૬ની નોંધ

## : : કાર્યાલય આદેશ : :

નવસારી કૃષિ યુનિવર્સિટીની જુદી જુદી કચેરીઓ માટે જરૂરી સાધનોની ખરીદી માટેના વર્ષ ૨૦૧૬-૧૭ના રેટ કોન્ટ્રાક્ટ/ ટેન્ડરીંગ/ ઇ – ટેન્ડરીંગ વિગેરેની કાર્યવાહી કરવા માટે નીચે જણાવેલ અધિકારીશ્રીઓને યુનિવર્સિટી કક્ષાએ વિવિધ પ્રકારની ખરીદી કરવા માટે પેટા ખરીદ સમિતીના અધ્યક્ષશ્રી તરીકે નીમવામાં આવે છે.

| અ. નં. | પેટા સમિતીની વિગત | અધ્યક્ષશ્રી/કન્વીનરશ્રી |
|---|---|---|
| ૧. | કેમીકલ, ગ્લાસવેર, પ્લાસ્ટીકવેર, લેબવેર, ફીલ્ટર પેપર અને અન્ય લેબોરેટરી કન્ઝ્યુમેબલની ખરીદી અંગેના રેઇટ કોન્ટ્રાક્ટ કરવા અંગે | ડો. એમ.કે. એરવાડીયા, આચાર્ય અને ડીનશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૨. | સાઇન્ટીફીક ઇન્સ્ટ્રુમેન્ટ્સની ખરીદી અંગેના રેઇટ કોન્ટ્રાક્ટ કરવા અંગે | ડો. એન. એચ. કેલાવાલા, આચાર્ય અને ડીનશ્રી, પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી |
| ૩. | પ્રિન્ટીગ બાઇન્ડીંગની ખરીદી અંગેના રેઇટ કોન્ટ્રાક્ટ કરવા અંગે | ડૉ. જી. આર. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન. કૃ. યુ., નવસારી |
| ૪. | કમ્પ્યુટર/ પેરીફરલ્સ/ સી.સી. ટી.વી. કેમેરા/ નેટવર્કીંગ તથા આઇ. ટી સંલગ્ન સાધનો ની ખરીદી અંગેના રેઇટ કોન્ટ્રાક્ટ કરવા અંગે | ડૉ. બી. એલ. રાદડીયા નિયામકશ્રી, ઇન્ફર્મેશન ટેકનોલોજી,ન.કૃ.યુ., નવસારી |
| ૫. | વોલ પેનલીંગ, ફોલસિલિંગ, પી.વી.સી. વિગેરે ની ખરીદી અંગેના રેઇટ કોન્ટ્રાક્ટ કરવા અંગે | ડૉ. એચ. ટી. ભાલસોડ કાર્યપાકલ ઇજનેરશ્રી, ન. કૃ. યુ., નવસારી |

આ સમિતીઓ નીચે મુજબની કામગીરી કરશે.

૧. જે – તે સમિતી યુનિવર્સીટી ના તમામ વિભાગોની જરૂરીઆતોનુ સંકલન કરીને ટેન્ડર/ ઇ – ટેન્ડર મંગાવી, ભાવો નક્કી કરી મધ્યસ્થ ખરીદ સમિતી ને ભાવો મંજુર કરવા ભલામણ કરશે.

૨. આ માટે જે-તે અધ્યક્ષશ્રી તેઓની કક્ષાએ થી સભ્યોની નિમણુક કરી સમિતીની રચના કરીને અત્રેથી મંજુર કરાવવાની રહેશે. .

૩. સમિતી દ્વારા ખરીદીની તમામ પ્રક્રિયા જેવી કે ટેન્ડર ડ્રાફ્ટ કરવુ, પ્રસિદ્ધ કરવુ, ટેન્ડરો જે-તે પેટા ખરીદ સમિતીના અધ્યક્ષશ્રીના નામે અને સરનામે મેળવવા, ટેન્ડરો ખોલી સ્કુટીની કરી, ફાયનલ ભાવો નક્કી કરીને ભલામણ સાથે મધ્યસ્થ ખરીદ સમિતીમાં રજુ કરશે. જેને યુનિવર્સિટી કક્ષાએ અમલીકરણ કરવા માટે મધ્યસ્થ ખરીદ સમિતી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવશે.

૪. આ સધળી કર્યવાહી અંગેનો તમામ પત્રવ્યહવાર જે-તે સમિતીના અધ્યક્ષશ્રીના નામે અને તેઓની કચેરીએથી કરવાનો રહેશે અને કામગીરી પૂરી થયા બાદ સંપુર્ણ રેકર્ડ અત્રેની ખરીદ શાખામાં તબદીલ કરવાનો રહેશે.

૫. આ માટેની સમગ્ર પ્રક્રિયાનો ખર્ચ સંશોધન નિયામકશ્રી, નવસારીની કચેરી હસ્તકના બજેટ સદર ૪૫૦૧ માં કરવાનો રહેશે.

ઉપરોક્ત કામગીરી માટે સરકારશ્રીની "ગુજરાત રાજ્ય ખરીદ નિતિ ૨૦૧૬" ના ઠરાવ ક્રમાંક એસપીઓ/ ૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ, તા. ૦૩/૦૬/૨૦૧૬ મુજબ પ્રવર્તમાન નિતિ – નિયમો લક્ષમાં રાખીને કામગીરી હાથ ધરવાની રહેશે.

ફાઇલ પર માન. કુલપતિશ્રીએ મંજુરી આપેલ છે.

જા. નં. નકૃયુ/સં.નિ/આયોજન/ખરીદી શાખા/ ૯૨૬૬-૯૨૬૫ /૨૦૧૬
તા. /૦૭/૨૦૧૬

સંશોધન નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

નકલ સવિનય રવાના :

૧. જે તે અધ્યક્ષશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ.

૨. આ યુનિવર્સિટીના તમામ વિભાગીય વડાશ્રીઓ તરફ જાણ તેમજ આપના વિભાગ હસ્તકની જરૂરિયાત જે તે સમિતીના અધ્યક્ષશ્રીને પૂરી પાડવા આથી જણાવવામાં આવે છે.

નકલ રવાના :

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

૨. આ કચેરીની ખરીદ શાખા તરફ